# Day to Day Current Affairs

**8 Nov 2015**

## ૧. પૂર્વ સૈનિકો માટેની વન રેન્ક વન પેન્શન (OROP)નો અમલ :

- કેન્દ્ર સરકારે સેનાના નિવૃત જવાનો માટેની 'વન રેન્ક વન પેન્શન' યોજનાના અમલ માટેનું જાહેરનામું બહાર પાડી દીધુ.
- 2013માં નિવૃત થયેલા સૈનિકોના પેન્શનના આધારે પૂર્વ પેન્શનરોનું પેન્શન ફરીથી રિવાઇઝ કરવામાં આવશે.
- આ યોજનાનો લાભ 1 જુલાઇ 2014 ની પાછલી અસરથી આપવામાં આવશે.
- એરિયર્સની રકમ પૂર્વ સૈનિકોને ચાર હપ્તામાં ચૂકવાશે.
- વિધવાઓને આ રકમ એક જ હપ્તામાં ચૂકવી દેવાશે.
- સરકારે પૂર્વ સૈનિકોના પેન્શનની દર પાંચ વર્ષે સમીક્ષા કરવાની પણ જાહેરાત કરી છે.

## 2. બ્રહ્મોસ મિસાઇલનું સફળ પરિક્ષણ :

- ભારતીય સેનાએ બ્રહ્મોસ મિસાઇલ્સનું સફળ પરીક્ષણ કર્યું હતું.
- આ પરિક્ષણ રાજસ્થાનના પોખરણ ફીલ્ડ ફાયરીંગ રેન્જમાં કરવામાં આવ્યું હતું.
- આ મિસાઇલની મારણ ક્ષમતા 290 કિલોમિટરની છે.
- આ મિસાઇલને મિસાઇલ ઓટોનોમસ લોન્ચર (MAL) દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.

## 3. મૂડી રોકાણ સ્વચ્છતાં અને વિવિધ કામગીરી ક્ષેત્રે ગુજરાત 3 એવોર્ડ મળ્યા :

- તાજેતરમાં ઇન્ડિયા ટુડે સ્ટેર ઓફ ધ સ્ટેટ્સ કોન્કલેવ ૨૦૧૫નું આયોજન કરવામાં આવ્યું હતું.
- ઇન્ડિયા ટુડે ગ્રૂપ દ્વારા ૨૦૦૩થી પ્રતિવર્ષ સ્ટેટ ઓફ ધ સ્ટેટ્સ કોન્કલેવનું આયોજન કરવામાં આવે છે.
- આ કોન્કલેવનું અંતર્ગત રાજ્યોની છેલ્લા એક વર્ષની બહુવિધ કાર્ય સિધ્ધિઓનું સર્વગ્રાહી વિશ્લેષણ તજજ્ઞો દ્વારા કરવામાં આવે છે.
- તેના આધારે રાજ્યોને વિવિધ કેટેગરીમાં એવોર્ડ્ઝથી સન્માનિત કરાય છે.
- ગુજરાતે આ વર્ષ ત્રણ કેટેગરીમાં એવોર્ડ મેળવ્યા છે.

### ૧) બેસ્ટ સ્ટેટ ફોર ઇન્વેસ્ટમેન્ટ :

- ગુજરાતે દેશમાં રોકાણકારોની પસંદગી માટેના શ્રેષ્ઠ રાજ્યની સિધ્ધિ સાથે આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે.

### ૨) સ્વચ્છતા અભિયાન માટે એવોર્ડ :

- ઘર ઘર શૌચાલયના જન આંદોલન માટે ગુજરાતને સ્વચ્છતા એવોર્ડ પ્રાપ્ત થયો.

### 3) ઓવરઓલ પર્ફોમાન્સ એવોર્ડ :

- ખેતી, આરોગ્ય,શિક્ષણ, માળખાગત સુવિધાઓ મૂડી રોકાણ, જીવનધોરણમાં સુધાર, વ્યાપારિક વાતાવરણ વગેરેના વિશ્લેષણાત્મક મૂલ્યાંકનના અંતે ગુજરતને એવોર્ડ મળ્યો.

Vivekanand Academy, Gandhinagar